# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૪/૦૯/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સે ગુજરાતના ૭૦ શિક્ષકોને 'સર્વશ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ'થી નવાજ્યા

## શિક્ષકો જ દેશના સાચા શિલ્પકારો હોય છે, શિક્ષક જ આપણને એ શક્તિ આપી શકે છે, જે અશકયને પણ શકય બનાવે છે : હિમાંશુ બોડાવાલા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે શિક્ષક દિવસ અને વિશ્વ સાક્ષરતા દિવસના ઉપલક્ષ્યમાં સુરત તથા દક્ષિણ ગુજરાત જ નહીં પણ સમગ્ર ગુજરાતના પ્રતિભાવંત શિક્ષકો એટલે કે ગુરૂવર્યોને સન્માનિત કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મંગળવાર, તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે 'સર્વશ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરના ૭૦ જેટલા ગૌરવશાળી શિક્ષકોને સ્વામી અંબરિષાનંદજી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર ડો. દક્ષેશ ઠાકરની ઉપસ્થિતિમાં એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, શિક્ષકો જ દેશના સાચા શિલ્પકારો હોય છે. શિક્ષક જ આપણને એ શકિત આપી શકે છે, જે અશકયને પણ શકય બનાવી શકે છે. દેશમાં શિક્ષક દિવસની ઉજવણીને ૬૦ વર્ષ પૂરા થયા છે એટલે શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાનો ખાસ અવસર હોવાથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શિક્ષકોને એવોર્ડ આપવાનું નકકી કરવામાં આવ્યું હતું. ગુજરાતભરમાંથી ર૦૦ થી વધુ નોમીનેશન્સ ચેમ્બરને પ્રાપ્ત થયા હતા. આ નોમીનેશન્સમાંથી અંતિમ પસંદગી કરવાનું કામ અત્યંત અઘરું હતું. પરંતુ આ કપરા કાર્યને સરળ બનાવવા માટે જ્યુરીના સાત સભ્યો ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ કમલેશ યાજ્ઞિક અને રૂપિન પચ્ચીગર તથા રાષ્ટ્રપતિ ચંદ્રક એવોર્ડ વિજેતા રંજનબેન પટેલ, નંદિનીબેન શાહ, દીપક રાજ્યગુરુ, કાનજીભાઇ ભાલાળા અને ડો. અનિલ સરાવગીએ ઘણી મહેનત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એવોર્ડ માટે દરેક શિક્ષકોના વિસ્તૃત પરિચય વાંચવામાં આવ્યા હતા અને એવોર્ડ માટે સાત જેટલા ક્રાઇટેરીયા નકકી કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાથમિક સ્કૂલના શિક્ષકો, માધ્યમિક સ્કૂલના શિક્ષકો, યુનિવર્સિટીના વિભાગીય વડાઓ, કોલેજ, રિટાયર્ડ એજ્યુકેશનિસ્ટ, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ અને શૈક્ષણિક ક્ષેત્રે મહત્વનું યોગદાન આપનારા અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યુરી દ્વારા કરવામાં આવેલી પસંદગીના અંતે ર૦૦ માંથી ૭૦ શિક્ષકોને 'સર્વશ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' આપીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ અને આ જ્યુરીના ચેરમેન કમલેશ યાજ્ઞિકે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, સમાજમાં સતત અને જે ગતિએ ફેરફારો થઇ રહયા છે તેની સાથે તાલમેલ મિલાવવો મુશ્કેલ છે. સ્કૂલ–કોલેજોમાં જે જ્ઞાન સંગ્રહિત થઇ રહયું છે અને ઇન્ડસ્ટ્રી માટે જે જ્ઞાન જોઇએ તેની વચ્ચે લાંબો તફાવત છે. ઇન્ડસ્ટ્રીમાં જે ટેકનોલોજી છે અને સ્કૂલ–કોલેજના કલાસરૂમમાં જે ટેકનોલોજી છે તેમાં પણ તફાવત છે. આજે શિક્ષક અને ઇન્ડસ્ટ્રીએ સાથે રહેવું જ પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આથી આ બાબતને ધ્યાનમાં રાખીને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જે પહેલ કરવામાં આવી છે તે કાબિલેદાદ છે.

જ્યુરીના અન્ય સભ્ય અને ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ રૂપીન પચ્ચીગરે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ર૦મી સદીનું સૂત્ર હતું કે કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી અને આજે ર૧મી સદીનું સૂત્ર છે કે કુશળ પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. હવે સ્માર્ટ યુગ આવી ગયો છે અને સ્માર્ટની સાથે ફાસ્ટ એજ્યુકેશનનો જમાનો છે.

'સર્વશ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' સમારોહનું સમગ્ર સંચાલન ચેમ્બરના ગૃપ ચેરમેન નિખિલ મદ્રાસીએ કર્યુ હતું. આ સમારોહમાં એન્કર તરીકે ડો. રિન્કલ જરીવાલા, સ્નેહા જરીવાલા, પંકિત શાસ્ત્રી, ચૌલાબેન ગજીવાલા અને ડિમ્પલ મિશ્રાએ પોતાની સેવા આપી હતી. જ્યારે ગુરૂ સંબંધિત ગીતોનું આચમન જોલીબેન ચોકસી અને અમિત ચોકસીએ કરાવ્યું હતું. સમારોહને અંતે ચેમ્બરના ઉપ પ્રમુખ રમેશ વઘાસિયાએ સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યુ હતું.